# ડાંગ કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારની બદલી

**એન.ડી.** પરમાર બન્યા ડાંગ જિલ્લાનાં નવા કલેક્ટર

સાપુતારા : રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી IAS કેડરના અધિકારીઓની બદલીમાં ડાંગ જિલ્લાને લગતા બે મહત્વના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ડાંગ-આહવા ખાતે કલેક્ટર તરીકે ફરજ બજાવી રહેલા શાલિની દુહાન (IAS) ની બદલી કરી તેમને અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ વિભાગ હેઠળ મહેસાણાના મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. શાલિની દુહાનની જગ્યાએ એન.ડી. પરમાર (IAS)ને ડાંગ જિલ્લાના નવા કલેક્ટર તરીકે નિયુક્ત કરાયા છે. અગાઉ એન.ડી. પરમાર રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરમાં જોઈન્ટ ઈલેક્શન કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. આ સાથે જ ડાંગ ખાતે પ્રાયોજના વહીવટદાર, ટ્રાઈબલ એરિયા સબ પ્લાન તરીકે ફરજ બજાવતા પાટીલ આનંદ આશોક (IAS)ની પણ બદલી કરવામાં આવી છે. તેમને વડોદરાના DDO તરીકે નિયુક્ત કરાયા છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આ વહીવટી ફેરફારોને પગલે ડાંગ જિલ્લા વહીવટી તંત્રમાં નવી જવાબદારીઓ સાથે નવા અધિકારીઓની એન્ટ્રી થઈ છે. આગામી દિવસોમાં નવા કલેક્ટર એન.ડી. પરમાર દ્વારા ડાંગ જિલ્લા સહીત પ્રખ્યાત ગિરિમથક સાપુતારાની વહીવટી કામગીરી અને વિકાસલક્ષી યોજનાઓને કેવી ગતિ મળે છે તેના પર સૌની નજર રહેશે.

નવસારીમાં રસ્તો લાંબા સમયથી ખોદાયેલો હોવાથી અવરજવર પ્રભાવિત થઈ

# ધીમી ડ્રેનેજ કામગીરીથી લોકો પરેશાન

**ચોમાસા** પહેલાં દશેરા ટેકરી વિસ્તારનો રસ્તો પૂર્ણ કરવાની માંગ



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. 13ના દશેરા ટેકરી વિસ્તારમાં સરસ્વતી મંદિર સામે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી ડ્રેનેજ લાઈનની કામગીરીને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રસ્તો લાંબા સમયથી ખોદાયેલ હાલતમાં હોવાથી અવરજવર પ્રભાવિત થઈ છે અને રોજિંદા જીવનમાં ભારે હાલાકી ઊભી થઈ છે.

ચોમાસું નજીક આવતાં સ્થાનિકોમાં ચિંતા વધી છે. ખોદકામ કરાયેલા રસ્તા પર યોગ્ય પૂરાણ અને લેવલિંગ ન થતાં વરસાદી પાણી ભરાઈ વાહનો ફસાવાની તેમજ અકસ્માત સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક રહીશો દ્વારા તાત્કાલિક કામગીરી પૂર્ણ કરી મજબૂત અને ગુણવત્તાયુક્ત પાકો રોડ બનાવવાની માંગ ઉઠી છે.

આ મુદ્દે નવસારી ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ નિલેશ ગુરવે મ્યુનિસિપલ કમિશ્નરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ડ્રેનેજ લાઈનનું કામ ઝડપથી પૂર્ણ કરી ચોમાસા પહેલાં રસ્તો વાહનવ્યવહાર માટે સુરક્ષિત બનાવવો જરૂરી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આશરે નવ માસ પહેલા આ વિસ્તારમાં ગટર લાઈન તૂટી ગઈ હતી. ત્યારબાદ લાંબા સમય સુધી ગટરનું પાણી વરસાદી લાઈનમાં છોડીને કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી હતી. બાદમાં નવી આશરે 15થી 20 ફૂટ ઊંડી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. લોકોમાં રોષ છે કે જો સમયસર યોગ્ય કામગીરી હાથ ધરાઈ હોત તો હાલની પરિસ્થિતિ સર્જાઈ ન હોત.

# વાંસદાના પોલીસ કોન્સ્ટેબલનું હાર્ટ એટેકથી નિધન

**નાઈટ** ડ્યુટી પૂર્ણ કરી પરત ફરેલા કલ્પેશ પટેલને છાતીમાં દુખાવો ઉપડતા દમ તોડ્યો



વાંસદા : નવસારી જિલ્લાના વાંસદા પોલીસ મથકે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ ઠાકોરભાઈ પટેલ (ઉ.વ. ૩૭, રહે. ચઢાવ, નિશાળ ફળિયું) નું હાર્ટ એટેકથી આકસ્મિક અવસાન થયું છે. વર્ષ ૨૦૨૦ માં પોલીસ દળમાં ભરતી થયેલા કલ્પેશભાઈ મંગળવારે રાત્રે નાઈટ ડ્યુટી પૂર્ણ કરી બુધવારે સવારે ઘરે પહોંચ્યા હતા. ઘરે આવ્યા બાદ તેમણે પરિવારને છાતીમાં તીવ્ર દુખાવાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ બાથરૂમ જતી વખતે તેમને ઉલટી થઈ હતી અને હાર્ટ એટેક આવતા તેઓ ઢળી પડ્યા હતા.

તેમને સારવાર અર્થે ઉનાઈ અને ત્યારબાદ બારડોલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકને દોઢ વર્ષની માસૂમ દીકરી છે. વાંસદા પીઆઈ જે.વી. ચાવડા અને પોલીસ સ્ટાફ દ્વારા કલ્પેશભાઈને 'ગાર્ડ ઓફ ઓનર' સાથે અંતિમ સલામી આપી વિદાય આપવામાં આવી હતી.

# નવસારીમાં વહીવટી સર્જરી, કલેક્ટર-કમિશનર બદલાયા

**મનીષ** ગુરવાણી નવા કલેક્ટર, જે.પી. ઉપાધ્યાય મ્યુનિ. કમિશનર અને કાર્તિક જીવાણી DDO તરીકે કાર્યભાર સંભાળશે



## વાંસદાના TASP માટે IAS અધિકારીને એડમિનિસ્ટ્રેટર બનાવાયા

બીજી તરફ આદિવાસી વિસ્તારોના વિકાસને વધુ પ્રાધાન્ય આપતા રાજ્ય સરકારે વાંસદાના ટ્રાઈબલ એરિયા સબ પ્લાન (TASP) માટે IAS અધિકારી સ્વપ્નિલ મહાદેવ સીસોદેને એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્ત કર્યા છે. રાજ્ય સરકારના આ ફેરફારો બાદ નવસારી જિલ્લામાં વહીવટી તંત્રમાં નવી ટીમ સક્રિય બની છે. હવે લોકોમાં નવા અધિકારીઓ પાસેથી ઝડપી નિર્ણય અને વિકાસલક્ષી કામગીરી અંગે ઊંચી અપેક્ષાઓ જોવા મળી રહી છે.

નવસારી : નવસારી જિલ્લાના વહીવટી તંત્રમાં રાજ્ય સરકારે વ્યાપક ફેરફારો જાહેર કરતાં મહત્વના હોદ્દાઓ પર નવા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. વહીવટને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી જાહેર કરાયેલા આ બદલાવ બાદ હવે જિલ્લામાં નવી અધિકારી ટીમ કામગીરી સંભાળશે. ખાસ કરીને કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારી જેવા મહત્વના હોદ્દાઓ પર નવા ચહેરાઓને જવાબદારી સોંપાતા વહીવટી વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે.

રાજ્ય સરકારના તાજેતરના આદેશ અનુસાર IAS અધિકારી મનીષ ગુરવાણીને નવસારી જિલ્લાના નવા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિવિધ વહીવટી ક્ષેત્રોમાં અનુભવ ધરાવતા ગુરવાણી હવે જિલ્લાના સમગ્ર પ્રશાસનની કમાન સંભાળશે. તેમની નિમણૂકને વિકાસલક્ષી કામગીરીમાં ગતિ લાવવાના પગલા તરીકે જોવામાં આવી રહી છે.

શહેરના વિકાસ અને નગરસેવાને વધુ મજબૂત બનાવવા માટે જે.પી. ઉપાધ્યાયને નવસારીના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. શહેરમાં રસ્તા, સફાઈ, પાણી પુરવઠો અને અન્ય નાગરિક સુવિધાઓને વધુ સુવ્યવસ્થિત બનાવવા તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. જિલ્લાના ગ્રામિણ વિસ્તારોના વિકાસ માટે કાર્તિક જીવાણીને જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# પૂર્ણા નદીમાં કબીલપોરના યુવાનની મોતની છલાંગ

**પિતાના** અવસાન બાદ આઠ વર્ષથી પરિવારની જવાબદારી સંભાળતા યુવાને કેમ આ પગલું ભર્યું તે રહસ્ય

**માતા**-બહેનનો એકનો એક સહારો ગુમ



નવસારી : નવસારી શહેરમાં મંગળવારની મોડી રાત્રે એક કરુણ ઘટનાએ લોકોના હૃદય હચમચાવી નાખ્યા હતા. કબીલપોરના યુવાન પાર્થ ઉર્ફે પ્રજ્ઞેશ ગૌતમભાઈ પટેલે ધારાગીરી બ્રિજ પરથી પૂર્ણા નદીમાં ઝંપલાવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મંગળવારે રાત્રિના સમયે પાર્થે ધારાગીરી બ્રિજ પરથી પૂર્ણા નદીમાં પડતું મૂક્યું હતું. માછીમારી કરી રહેલા લોકોએ યુવકને નદીમાં પડતો જોયો હતો. તેઓએ તરત જ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની ગંભીરતા સમજી નવસારી ફાયર બ્રિગેડની ટીમે પૂર્ણા નદીના તેજ વહેણ અને અંધકાર વચ્ચે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલી શોધખોળ છતાં યુવકનો કોઈ પત્તો ન લાગ્યો ન હતો. ફાયર વિભાગના કર્મચારી નંદલાલ ટંડેલનો પગ ફેક્ચર હોવા છતાં તેમણે પોતાની પીડાને અવગણી સતત બચાવ કામગીરીમાં ભાગ લીધો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં પણ કલાકો સુધી તેઓ પાણીના કિનારે રહી યુવકની શોધખોળમાં જોડાયેલા રહ્યા હતા.

પાર્થ છેલ્લા આઠ વર્ષથી માતા અને બહેન સાથે કબીલપોરમાં રહેતો હતો. પિતાના અવસાન બાદ પરિવારની તમામ જવાબદારી તેના ખભા પર આવી ગઈ હતી. પરિવાર માટે આધારરૂપ ગણાતા યુવકે આ અંતિમ પગલું શા માટે ભર્યું તે હજુ પણ રહસ્ય બની રહ્યું છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે, એક ક્ષણમાં બધું ખતમ થઈ ગયું. યુવકને નદીમાં સમાતો જોઈ સૌના રુવાડા ઉભા થઈ ગયા હતા. હાલમાં પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે, જ્યારે પરિવારજનો હજુ પણ ચમત્કારની આશા સાથે પૂર્ણા કિનારે નજર રાખી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીમાં આડા સંબંધના વહેમમાં પિતા-પુત્ર સહિત 3 ઈસમનો તલવાર-લાકડાથી હુમલો

વાપી : વાપીમાં આડા સંબંધના વહેમમાં પિતા-પુત્ર સહિત 3 ઈસમોએ તલવાર-લાકડાથી એકને માર માર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરવામાં આવી હતી. વાપી હરીયા પાર્ક, વૃંદાવન સોસાયટીમાં નીતિન રઘુનાથ ફાલે (ઉં.36) રહે છે. તેઓ ડુંગરા નવી નગરીમાં રહેતા મિત્રના ઘરે લગ્નમંડપના પ્રસંગમાં ગયા હતાં. જે બાદ તેઓ પાર્ક કરેલ બાઈક લેવા થતા પાછળથી કોઈકે અચાનક પીઠ ઉપર ઘાતક સાધનથી માર્યો હતો. જેથી તેઓ ફરી જોતા ડુંગરા નવી નગરીમાં રહેતા વિક્રમ વિષ્ણુ હળપતિ હાથમાં તલવાર હતી. જ્યારે પિતા વિષ્ણુ અને અન્ય એક ઈસમના હાથમાં લાકડા હતાં. જે બાદ તલવાર અને લાકડાથી માર માર્યો હતો. ઈજાગ્રસ્તને ખાનગી વાહનમાં બેસાડી ચણોદ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. ઝઘડાનું કારણ ચારેક વર્ષ પહેલા વિક્રમની પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખી માર માર્યો હતો. મારામારી કરનારા પુત્ર વિક્રમ અને પિતા વિષ્ણુ હળપતિ તથા અન્ય એક ઈસમ સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નીતિને નોંધાવી હતી.

### સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને NQASનું નેશનલ સર્ટી એનાયત



ગિરીશ ભોયે

સાપુતારા : સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને QCI (Quality Council of India) દિલ્હીની ટીમ દ્વારા એસેસમેન્ટ કરી નેશનલ હેલ્થ મિશન અંતર્ગત (NQAS) માટે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના દર્દીઓને ગુણવત્તાસભર સારવાર મળી રહે તે માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં ઉપલબ્ધ તમામ વિગતોનું નિરીક્ષણ કરીને દિલ્હીની ટીમ દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવેલું છે. આ પ્રમાણપત્ર ભારત સરકાર, સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હી તરફથી એનાયત કરવામાં આવેલું છે. જેમાં તેઓએ ૯૬.૨૨ ટકા મેળવેલા છે. જે ડાંગ જિલ્લાએ આરોગ્ય ક્ષેત્રે પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિ છે, તેમજ ગુજરાત માટે ગૌરવવંતી બાબત છે. આ કામગીરીને સફળ બનાવવામા ડો હેમાંશુ ગામીત, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, ડો. દીલીપકુમાર શર્મા, ડિસ્ટ્રીક્ટ ક્વોલીટી એસ્યોરન્સ મેડિકલ ઓફીસર, ડો. અનુરાધા ગામીત, તાલુકા આરોગ્ય અધિકારી, આહવા-ડાંગ, ડો. પિયુશ ભોયા, (ઇ/ચા) તબીબી અધિકારી, ડો. પ્રાચી ભોયાનો ફાળો રહેલો છે.

### કિશોરીની હત્યા કરનારના જામીન નામંજૂર

વલસાડ : વલસાડ જિલ્લાના ઉમરગામમાં 16 વર્ષની કિશોરીની હત્યા કરનાર હત્યારાને પોલીસે બનાવ બન્યાના 4 વર્ષ બાદ પકડ્યો હતો. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી છૂટવા આરોપીએ વાપીની એડિશનલ સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ પુષ્પાબેન સૈનીએ આરોપીની જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો. ઉમરગામ વિસ્તારમાં રહેતા પંકજ યોગેન્દ્ર પાસવાને તેના સાથીદારો સાથે મળી 17 વર્ષની કિશોરીની છરા વડે ઘા કરી હત્યા કરી હતી. આ ઘટના વર્ષ 2022ના ઓગષ્ટ માસમાં બની હતી. ત્યારબાદ આરોપી ફરાર થઇ ગયો હતો. જેને વલસાડ જિલ્લા પોલીસે 4 વર્ષ બાદ પકડી પાડ્યો હતો. આ કેસમાં જામીન પર છૂટવા આરોપીએ કરેલી અરજી જજે નામંજૂર કરી છે.

# વલસાડમાં આઇપીએલ પર સટ્ટો રમાડનાર ઝડપાયો



વલસાડઃ વલસાડ જિલ્લામાં આઈપીએલ ક્રિકેટ મેચો દરમિયાન ઓનલાઈન સટ્ટાબેટિંગની પ્રવૃત્તિ સામે એલસીબીએ કાર્યવાહી કરી એક શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમીના આધારે ઓલગામ નજીક નેશનલ હાઈવે નં. 48 પર કાંતા માલવા હોટલ પાસે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં સંજાણ બંદર રોડ વિસ્તારનો રહેવાસી ઈમરાન ઉર્ફે સીદીક કરીમ કાલીયા (ઉ.વ.43) હાલ ચાલી રહેલી આઈપીએલ ક્રિકેટ મેચો પર મોબાઈલ મારફતે ઓનલાઈન સટ્ટો રમાડતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રૂ.5 હજારનો મોબાઈલ ફોન, રોકડા રૂ.8,820 તથા સટ્ટાબેટિંગના સ્ક્રીનશોટવાળા કાગળો મળી કુલ રૂ.13,820નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# શિકલીગર ગેંગના રીઢા ગુનેગારો ટ્રાન્સફર વોરંટથી ઝડપાયા

**ગોંડલ** પોલીસે ઝડપેલા તસ્કરોનો ચીખલી પોલીસે ટ્રાન્સફર વોરંટથી મેળવ્યો કબજો, ૫૦ થી વધુ ગુનાનો ઈતિહાસ

ઘેજ : ચીખલી પોલીસે ચીખલીના જુના વલસાડ રોડ સહિત પાંચ જગ્યાએથી ચોરી કરી ફરાર થનાર શિકલીગર ગેંગમાં બે ને ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી હતી. ચીખલીના જુના વલસાડ રોડ સ્થિત મહાદેવ નગર સોસાયટી, ચીખલી મહેતવાડ, ચીખલી પોસ્ટ ઓફીસ સહિતના વિસ્તારના ત્રણ જેટલા ઘરોને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળી ૨,૯૮,૫૦૦ ની મત્તા ચોરી કરી ફરાર થઇ ગયા હતા. દરમ્યાન ગોંડલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ ચોર ઈસમો પકડાઇ જતા પોલીસે સઘન પૂછપરછ હાથ ધરતા ચીખલી તાલુકામા ત્રણ મકાનમાં ચોરી કરેલી હોવાની કબૂલાત કરતા ચીખલી પોલીસે નાનકસિંગ ઉર્ફે કુલદીપસિંગ ટાંક તથા જશબીરસિંગ ઉર્ફે જગવીરસિંગ ટાંકની ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકેથી ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરી હતી.

ઉપરોક્ત પકડાયેલા બંને આરોપી રીઢા અને શિકલીગર ગેંગના હોય બંને આરોપીઓ વિરૂધ્ધ ચોરી, મારામારી સહિત ૫૦-જેટલા રાજ્યમાં ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતુ.

## ઉમરગામના અણગામ પુનાટ રોડ ઉપર બાઇક અડફેટે વૃદ્ધનું મોત

ઉમરગામ : ઉમરગામ તાલુકાના મોહનગામ દેડકીયા તળાવ પાસે રહેતા નગીનભાઈ વારલી સોમવારે રાત્રે ઘરેથી પગપાળા લગ્નમાં જતા હતા. તે વખતે મોટરસાયકલના ચાલક તહોમતદાર વિરજ હળપતિએ પોતાની મોટરસાયકલ ગફલતભરી રીતે હંકારી લાવી અકસ્માત કરતા નગીનભાઈને ઈજાઓ થતા ભીલાડ સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા હાજર તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**પૈસા પાણીમાં** હાઇવે ઓથોરિટીના ભ્રષ્ટાચાર અને સરકારી નાણાંના વેડફાટનો ઉત્તમ નમૂનો

# RCC ગટરના હાડપિંજર બહાર આવી ગયા

**અમદાવાદ**-મુંબઈ નેશનલ હાઈવેની બંને તરફ આરસીસીની ગટર ઠેર ઠેર તૂટી ગઇ

**વરસાદી** પાણીનો આવનારા ચોમાસામાં નિકાલ થશે કે કેમ તે એક મોટો સવાલ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગની બંને તરફ હાઈવે ઓથોરિટી દ્વારા નિર્માણ કરાયેલી આરસીસીની ગટર ટૂંકા ગાળામાં જ ઠેર ઠેર તૂટી જવા સાથે સળિયાના હાડપિંજર બહાર આવી જતા નિર્માણ પાછળના લાખો રૂપિયા ધોવાઈ જવા પામ્યા છે.

હાઈવે ઓથોરિટીના ભ્રષ્ટાચાર અને સરકારી નાણાંના વેડફાટનો ઉત્તમ નમૂનો જોવા મળી રહ્યો છે. તાલુકામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવેની બંને તરફ હાઈવે અને સર્વિસ રોડની વચ્ચે વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાના ખર્ચે આરસીસીની પાકી ગટરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ ગટરના નિર્માણની શરૂઆતથી જ હાઈવે ઓથોરિટી દ્વારા નકરી વેઠ ઉતારવામાં આવી રહી હતી. કેટલીય જગ્યાએ પાણીના નિકાલ માટે કોઈપણ જાતનો ઢાળ મેઈન્ટેન કરાયો ન હતો. કેટલીક જગ્યાએ તો પાણી ક્યાંથી ગટરમાં જશે અને ક્યાંથી બહાર નીકળશે તેની પણ તકેદારીનો અભાવ જોવા મળ્યો હતો.

હાઈવે ઓથોરિટી દ્વારા નિર્મિત આરસીસીની ગટરમાં લોખંડના સળિયા સાથે ફાયબરના સળિયાનો પણ આરસીસીની કામમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત સ્થિતિમાં તકલાદી આરસીસી ગટરના નિર્માણના ટૂંકા ગાળામાં જ હાલ બેહાલ થવા પામ્યા છે.

હાઈવેની બંને તરફથી આરસીસીની ગટર હાલે તૂટી જવા પામી છે. હાલની ગટરની સ્થિતિ જોતા આ ગટરમાંથી વરસાદી પાણીનો આવનારા ચોમાસામાં નિકાલ થશે કે કેમ તે એક મોટો સવાલ છે.

## અધિકારીઓનો ભ્રષ્ટાચાર પણ ઉજાગર થયો

હાઇવેની બંને બાજુ ગટરના નિર્માણ પાછળ લાખો રૂપિયાનું એંધાણ કરવામાં આવ્યું છે. ત્યારે સરકારી ગ્રાન્ટમાંથી માત્રને માત્ર મલાઈ ખાવા માટે જ આ રીતે ગટરનું નિર્માણ કરાયું હોય તેમ લાગી રહ્યો છે. આ ગટરના નિર્માણથી આમ જનતાને તો ઠીક પરંતુ માત્રને માત્ર લાંચિયા અધિકારીઓને જ લાભ થયો હોવાનું ફલિત થઈ રહ્યું છે. અને અધિકારીઓનો ભ્રષ્ટાચાર પણ ઉજાગર થવા પામ્યો છે.

## ગટરના નિર્માણ કાર્યની તટસ્થ તપાસ થાય આવે હકીકત બહાર આવે

ઉપરોક્ત સ્થિતિમાં ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા ગટરના નિર્માણ કાર્યની તટસ્થ તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત બહાર આવે તેમ છે. ત્યારે તટસ્થ તપાસ બાદ જવાબદાર અધિકારીઓ સામે પગલા ભરવામાં આવે અને ચોમાસામાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અને હાઇવે કે સર્વિસ રોડ પર પાણીનો ભરાવો ન થાય અને વાહન ચાલકોને મુશ્કેલી ન વેઠવા પડે તે માટે હાઇવે ઓથોરિટી દ્વારા તૂટેલી ગટરની નક્કર મરામત સાથે સાફ સફાઈ પણ કરવામાં આવે તે જરૂરી છે.

HDFC BANK
We understand your world

રજિસ્ટર્ડ ઓફિસઃ એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ - 400 013 અને જેની એક ઓફિસ રિટેલ પોર્ટફોલિયો મેનેજમેન્ટ, એચડીએફસી બેંક લિમિટેડ, 1લો માળ, I-થિંક ટેકનો કેમ્પસ, કાંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ - 400042 ખાતે આવેલી છે.

એચડીએફસી બેંક લિમિટેડ પાસે ગીરો મુકેલી જામીનગીરીઓના વેચાણની જાણ અને નોટિસ

એચડીએફસી બેંક લિમિટેડ ("બેંક")ના નીચે જણાવેલ લેણદારોને આથી લોન/ઓવરડ્રાફ્ટ અગેન્સ્ટ સિક્યોરિટીઝના સ્વરૂપમાં ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે બેંક પાસે ગીરો મુકેલી જામીનગીરીઓના વેચાણ અંગે જાણ કરવામાં આવે છે.

સંમત થયેલ લોન/સુવિધાઓની શરતો મુજબ બાકી નીકળતી લેણી રકમની ચુકવણી કરવામાં લેણદારો દ્વારા સતત કરવામાં આવેલ કસૂરને કારણે, નીચેના લોન/સુવિધા ખાતાઓ ડિલિંક્વન્ટ સ્ટેટસમાં છે અથવા NPA (નોન-પર્ફોર્મિંગ એસેટ) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. બેંકે આ લેણદારોને નીચે જણાવેલ તારીખે અંતિમ વેચાણ નોટિસ સહિત અનેક નોટિસો/લોન રિકોલ નોટિસ જારી કરી છે, જેના દ્વારા બેંકે ગીરોનો ઉપયોગ કર્યો હતો અને લેણદારને ખાતામાંની તમામ બાકી રકમ ચૂકવવા માટે 7 દિવસનો સમય આપ્યો હતો, જે કરવામાં નિષ્ફળ જતાં, બેંક આ સંબંધમાં વધુ નોટિસ આપ્યા વિના ગીરો મુકેલી જામીનગીરીઓ વેચવા માટે સ્વતંત્ર રહેશે. લેણદારો બાકી લેણી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે અને તેની અવગણના કરી છે, તેથી, બેંકે લેણદારો પાસેથી લેણી રકમ વસૂલવા માટે લોન કરાર હેઠળ ગીરોદાર તરીકેના તેના અધિકારોનો ઉપયોગ કરીને 20 મે 2026ના રોજ અથવા તે પછી જામીનગીરીઓ વેચવાનો/નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લેણદારોને આથી ભારતીય કરાર અધિનિયમ, 1872ની કલમ 176ના પાલનમાં વેચાણની નોટિસ તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લેણદારોને એમ પણ જાણ કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, શેરબજારમાં અસ્થિરતાને કારણે ગીરો મુકેલી જામીનગીરીઓના મૂલ્યમાં વધુ ઘટાડો થાય અને માર્જિન જરૂરિયાતમાં વધુ ખામી સર્જાય, તો બેંક તેના વિવેકબુદ્ધિથી આ બાબતે કોઈ પણ વધુ નોટિસ આપ્યા વિના એક (1) કેલેન્ડર દિવસની અંદર ગીરો મુકેલી જામીનગીરી વેચી દેશે. ગીરો મુકેલી જામીનગીરીઓના વેચાણની આવકના એડજસ્ટમેન્ટ પછી, કોઈપણ બાકી રહેલી રકમની ચુકવણી માટે લેણદાર(ઓ) બેંકને જવાબદાર રહેશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નંબર | લેણદારનું નામ | 10 મે 2026ના રોજ બાકી રકમ | વેચાણ નોટિસની તારીખ |
|---|---|---|---|---|
| 1 | XXXXXXXXXX0180 | રાજીવ ગૌતમ | 4,20,073.00 | 11-05-2026 |
| 2 | XXXXXXXXXX6360 | ભદ્રેશ ચંદ્રકાંત રાવલ | 2,38,497.00 | 11-05-2026 |
| 3 | XXXXXXXXXX7851 | સંતોષ કુમાર પ્રસાદ | 1,32,704.72 | 11-05-2026 |
| 4 | XXXXXXXXXX3209 | ધીમ્મર ધર્મેશ મનુભાઈ | 1,551.82 | 11-05-2026 |

તારીખ : 14.05.2026
સ્થળ: દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

સહી/-
એચડીએફસી બેંક લિમિટેડ